**Shree Somnath Sanskrit University**
(Estd. by Government of Gujarat)
Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath (Gujarat)
Phone : 02876 - 244532 Fax : 02876 - 244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in

Ref. No.

Date :

# Certificate

This is to certify that the Eligibility Criteria prescribed for admission in all Diploma courses run by Shree Somnath Sanskrit University- Veraval is standard $12^{th}$ (10+2) or equivalent qualified.

Moreover, as per the prescribed Criteria those students who study in Shastri (B.A.), Acharya (M.A.), Tattvacharya (M.Phil), Ph.D. can take along with admission in the University recognized Diploma courses and join the same.

This certificate is issued on the basis of the verification from records.

Registrar

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

## नया स्वनिर्भर प्रमाणपत्रीय / डिप्लोमा (पदविका) अभ्यासक्रम प्रारम्भ करने के लिए

## मार्गदर्शक सूचनाएँ (२००७)

उच्चशिक्षण प्राप्त करते हुए तथा कक्षा -१२ वी उत्तीर्ण किसी भी विद्याशाखा के विद्यार्थी डिप्लोमा (पदविका) अभ्यासक्रममें सम्मिलित हो सकेंगे। कक्षा -१० उत्तीर्ण विद्यार्थी उसके अभ्यासक्रम के साथ प्रमाणपत्रीय अभ्यासक्रममें भी सम्मिलित हो सकेंगे। इन अभ्यासक्रमों का समय अनुकूलता के अनुसार अथवा साम के समय चलाए जा सकतें हैं। इसके लिए युनिवर्सिटी की मंजूरी लेनी होगी।

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालय, वेरावल नई स्वनिर्भर प्रमाणपत्रीय / डिप्लोमा (पदविका) अभ्यासकी आवश्यक मार्गदर्शक सूचनाएँ ।

१. डिप्लोमा अभ्यासक्रम का विवरण/प्रवेश की योग्यता और समय अवधि निम्न अनुसार है ।

| संख्या | अभ्यासक्रम का नाम | समयावधि | प्रवेश योग्यता |
|---|---|---|---|
| १ | प्रमाणपत्रीय संस्कृत संभाषण | ६ मास/महिना | कक्षा-१० उत्तीर्ण |
| २ | प्रमाणपत्रीय योग | ६ मास/महिना | कक्षा-१० उत्तीर्ण |
| ३ | प्रमाणपत्रीय वैदिक गणित | ६ मास/महिना | कक्षा -१२ उत्तीर्ण |
| ४ | प्रमाणपत्रीय संगीत | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ५ | पदविका मन्दिर व्यवस्थापन | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ६ | पदविका कर्मकान्ड | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ७ | पदविका ज्योतिष | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ८ | पदविका वास्तु शास्त्र | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ९ | पदविका योग | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| १० | पदविका वैदिक गणित | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ११ | पदविका संगीत | ३ साल | कक्षा -१२ उत्तीर्ण |
| १२ | पदविका इन संस्कृत टीचींग | १ साल | कक्षा -१२ उत्तीर्ण |

१७. उच्चशिक्षा प्राप्त तथा कक्षा-१२ उत्तीर्ण कोई भी विद्याशाखा के विद्यार्थी पदविका (डिप्लोमा) अभ्यासक्रम में सम्मिलित हो सकेंगे कक्षा-१० उत्तीर्ण विद्यार्थी उनके अभ्यासक्रम के साथ प्रमाणत्रीय अभ्यासक्रम में भी सम्मिलित हो सकेंगे ।

२० कोई भी विद्यार्थी स्नातक / अनुस्नातक अभ्यासक्रम करते हुए पदविका / प्रमाणपत्रीय अभ्यासक्रम कर सकेंगे तथा एक साथ दो पदविका / प्रमाणपत्रीय अभ्यासक्रम एक वर्ष में नहीं कर शकेंगे ।

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## નવી સ્વનિર્ભર પ્રમાણપત્રીય / ડિપ્લોમા (પદવિકા) અભ્યાસની જરૂરી માર્ગદર્શક સૂચનાઓ

---

૧. ડિપ્લોમા અભ્યાસક્રમની વિગત,પ્રવેશની લાયકાત તથા તેમની સમય મર્યાદા નીચે મુજબ છે.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | સમયગાળો | પ્રવેશ અંગેની લાયકાત |
|---|---|---|---|
| (૧) | પ્રમાણપત્રીય સંસ્કૃત સંભાષણ | ૬ માસ | ધોરણ—૧૦પાસ |
| (૨) | પ્રમાણપત્રીય યોગ | ૬ માસ | " " |
| (૩) | પ્રમાણપત્રીય વૈદિક ગણિત | ૬ માસ | ધોરણ—૧૨ પાસ |
| (૪) | પ્રમાણપત્રીય સંગીત | ૧ વર્ષ | ધોરણ—૧૨ પાસ |
| (૫) | પદવિકા મંદિર વ્યવસ્થાપન | ૧ વર્ષ | ધોરણ—૧૨પાસ |
| (૬) | પદવિકા કર્મકાંડ | ૧ વષ | " " |
| (૭) | પદવિકા જ્યોતિષ | ૧ વર્ષ | " " |
| (૮) | પદવિકા વાસ્તુ શાસ્ત્ર | ૧ વર્ષ | " " |
| (૯) | પદવિકા યોગ | ૧ વર્ષ | " " |
| (૧૦) | પદવિકા વૈદિક ગણિત | ૧ વર્ષ | " " |
| (૧૧) | પદવિકા સંગીત | ૩ વર્ષ | " " |
| (૧૨) | પદવિકા ઈન સંસ્કૃત ટીચીંગ | ૧ વર્ષ | " " |

૨. તમામ પદવિકા તથા પ્રમાણપત્રીય અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીએ ૨૦ કલાકની સંસ્કૃત સંભાષણની તાલીમ લેવાની રહેશે. (પ્રમાણપત્રીય સંસ્કૃત સંભાષણ અભ્યાસક્રમને બાદ કરતાં )

૩. સંસ્કૃત સંલગ્ન તમામ પદવિકા તથા પ્રમાણપત્રીય અભ્યાસક્રમ ભણાવવા માટે મુલાકાતી અધ્યાપકશ્રીને બોલાવી અધ્યાપન કરાવવાનું રહેશે. તેમજ તેમનું માધ્યમ સંસ્કૃત રહેશે. મંદિર વ્યવસ્થાપન અભ્યાસક્રમમાં કોમ્પ્યૂટર તથા અંગ્રેજી વિષયમાં જે તે વિષયને લગતું માધ્યમ રહેશે. તેમજ વૈદિક ગણિત અભ્યાસક્રમમાં હિન્દી માધ્યમ રહેશે. યોગ અભ્યાસક્રમમાં ગુજરાતી તથા હિન્દી માધ્યમ રહેશે.

૪. તમામ અભ્યાસક્રમનાં પ્રશ્નપત્રોની ઉત્તરની ભાષા ગુજરાતી/હિન્દી/સંસ્કૃત/અંગ્રેજી રહેશે.

૫. પ્રમાણપત્રીય અભ્યાસક્રમ તથા પદવિકા અભ્યાસક્રમમાં એક પેપર દીઠ સંસ્થાએ ૪૦ કલાકનું અધ્યાપન કરાવવાનું રહેશે.

૬. પદવિકા તથા પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં ભણાવવા માટે અધ્યાપકશ્રીઓની લાયકાત નીચે મુજબ રહેશે.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

(૧) **પ્રમાણપત્રીય/પદવિકા યોગ :–**

એમ.એ.યોગ (૫૫ % સાથે) અથવા એમ.એ.(કોઈપણ વિષયમાં) સાથે ડિપ્લોમા ઈન યોગ કરેલ હોવા જોઈએ તથા શિક્ષક તરીકે ફરજ બજાવતાં હોવા જોઈએ.

(૨) **પદવિકા મંદિર વ્યવસ્થાપન :–**

કમ્પ્યૂટર વિષય માટે બી.સી.એ., અંગ્રેજી વિષય માટે એમ.એ.અંગ્રેજી,મેનેજમેન્ટ માટે કોમર્સ વિષય સાથે અનુસ્નાતક, કાયદાનાં વિષયમાટે એલ.એલ.બી. તથા બાકી રહેતાં વિષય માટે આચાર્ય/સંસ્કૃત વિષય સાથે એમ.એ. સાથે શિક્ષક તરીકે ફરજ બજાવતાં હોવા જોઈએ.

(૩) **પદવિકા જયોતિષ/વાસ્તુશાસ્ત્ર :–**

જયોતિષ/વાસ્તુશાસ્ત્ર સાથે આચાર્ય કરેલ હોવુ જોઈએ અથવા આચાર્ય / સંસ્કૃત વિષય સા એમ.એ. અને જે તે વિષયનાં ડિપ્લોમા કરેલા હોવા જોઈએ.

(૪) **પદવિકા કર્મકાંડ :–**

આચાર્ય કક્ષા સાથે ડિપ્લોમા ઈન કર્મકાંડ કરેલા હોવા જોઈએ અથવા આચાર્ય થયા બાદ પાંચ વર્ષથી પરંપરાગત વેદ/કર્મકાંડનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૫) **પ્રમાણપત્રીય સંસ્કૃત સંભાષણ :–**

એમ.એ.સંસ્કૃત અથવા આચાર્ય કક્ષા સાથે સંસ્કૃતનું કૌશલ્ય હોવું જોઈએ.

(૬) **પ્રમાણપત્રીય/પદવિકા વૈદિક ગણિત :–**

કોઈપણ વિષયમાં સ્નાતક/અનુસ્નાતક હોવા જોઈએ તેમજ શિક્ષક તરીકે ફરજ બજાવતાં હો જોઈએ સાથે સાથે વૈદિક ગણિતની કાર્યશાળા કરેલ હોય અથવા તે વિષયનું પ્રશિક્ષણ મેળવેલ હોય.

(૭) **પદવિકા સંસ્કૃત ટીચીંગ :–**

આચાર્ય અને શિક્ષા–શાસ્ત્રી કરેલાં હોવા જોઈએ અથવા એમ.એ.અને બી.એડ્.(સંસ્કૃત મેથડ સાથે)કરેલા હોવા જોઈએ તેમજ શિક્ષક તરીકે ફરજ બજાવતાં હોવા જોઈએ.

(૮) **પ્રમાણપત્રીય/પદવિકા સંગીત :–**

ત્રણ વર્ષિય પદવિકા અભ્યાસક્રમ માટે માસ્ટર ઈન મ્યુઝીક અથવા સંગીત અલંકારની પદવી હોવી જોઈએ. એક વર્ષિય પ્રમાણપત્રીય અભ્યાસક્રમ માટે બેચલર ઈન મ્યુઝીક અથવા સંગીત વિશારદની પદવી હોવી જોઈએ.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૭. તમામ અભ્યાસક્રમની ફીનું ધોરણ નીચે મુજબ રહેશે.

(૧) પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં સંસ્થાએ વિદ્યાર્થી પાસેથી રૂા.૧૨૦૦/– લેવાનાં રહેશે જેમાંથી યુનિવર્સિટીમાં જયારે વિદ્યાર્થીનાં પ્રવેશ ફોર્મ મોકલવામાં આવે ત્યારે સંસ્થાએ એક વિદ્યાર્થી દીઠ રૂા.૪૦૦/–જમા કરાવવાનાં રહેશે જેમાં પ્રવેશથી લઈ પરીક્ષા સુધી તમામ ફીનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) પદવિકા અભ્યાસક્રમમાં સંસ્થાએ વિદ્યાર્થી પાસેથી રૂા.૨૦૦૦/– લેવાનાં રહેશે જેમાંથી યુનિવર્સિટીમાં જયારે વિદ્યાર્થીનાં પ્રવેશ ફોર્મ મોકલવામાં આવે ત્યારે સંસ્થાએ એક વિદ્યાર્થી દીઠ રૂા.૬૦૦/–જમા કરાવવાનાં રહેશે જેમાં પ્રવેશથી લઈ પરીક્ષા સુધી ફીનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) યુનિવર્સિટીનાં પ્રોફેસર અભ્યાસક્રમમાં શિક્ષણ આપતા હોઈ યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓએ પ્રમાણપત્રીય અભ્યાસક્રમ માટે રૂા.૪૦૦/–તથા પદવિકા માટે રૂા.૬૦૦/– ફી ભરવાની રહેશે.

ઉપરોકત તમામ ફી સંસ્થાએ યુનિવર્સિટીએ નકકી કરેલ ચલણથી ભરવાની રહેશે.

૮. **વિદ્યાર્થીની સંખ્યા :–**

ઓછામાં ઓછા જે તે અભ્યાસક્રમ દીઠ ૭ (સાત) વિદ્યાર્થીની સંખ્યા જરૂરી છે. જે અભ્યાસક્રમમાં ૭ **(સાત)**વિદ્યાર્થીની સંખ્યા થી ઓછી સંખ્યા હશે તે અભ્યાસક્રમ જે તે કેન્દ્ર ચલાવી શકશે નહી તેમજ યુનિવર્સિટી પર તે અભ્યાસક્રમનાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. તેમજ જે અભ્યાસક્રમમાં ૭ **(સાત)**થી ઓછા વિદ્યાર્થી હશે તે અભ્યાસક્રમ ચલાવવાની માન્યતા આપવામાં આવશે નહી.

૯. **મહત્તમ ગાળો :–**

વિદ્યાર્થી જયારે પ્રવેશ મેળવે તે વર્ષની પરીક્ષા આપ્યા બાદ પ્રમાણપત્રીય તથા પદવિકા પરીક્ષા આપવા માટે મહત્તમ ૨ વર્ષ આપવામાં આવશે. તે દરમ્યાન તેમણે પરીક્ષા પાસ કરવાની રહેશે. જો આ સમયગાળા દરમ્યાન તે પરીક્ષા પાસ નહીં કરે તો તેમનો પ્રવેશ રદ કરવામાં આવશે.

૧૦. સંસ્થાએ અભ્યાસ કરાવવા આવતાં મુલાકાતી અધ્યાપકશ્રીઓને એક વ્યાખ્યાનનાં (૧ કલાકનાં) રૂા.૧૫૦/–ચૂકવવાનાં રહેશે.

૧૧. આ અભ્યાસક્રમોનું સંચાલન મંજૂરી પ્રાપ્ત સંસ્થા કરશે અને યુનિવર્સિટીએ નકકી કરેલ અભ્યાસક્રમ નિયમાનુસાર શીખવશે. તેના વિદ્યાર્થીઓની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવામાં આવશે અને પ્રમાણપત્ર પણ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat).

૧૨. અભ્યાસક્રમના શિક્ષણ / પ્રશિક્ષણ માટે શિક્ષક / પ્રશિક્ષકની વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે. જેમાં ઉપર નક્કી કરવામાં આવેલ લાયકાતવાળા અધ્યાપકશ્રીઓને બોલાવવાનાં રહેશે અને તેમની દરેકની માહિતી યુનિવર્સિટીને મોકલી તેની મંજૂરી / માન્યતા ફરજીયાત મેળવી લેવાની રહેશે.

૧૩. સંસ્થા / કોલેજને જોડાણ / માન્યતા યુનિવર્સિટી દ્વારા વખતોવખત નક્કી કરાતા નિયમો / શરતોને આધીન આપવામાં આવશે તથા જોડાણ/માન્યતા વાર્ષિક ધોરણે અપાશે તથા પ્રતિવર્ષ કેન્દ્રનું નવીનીકરણ કરાવવાનું રહેશે.

૧૪. પ્રમાણપત્રીય અભ્યાસક્રમ માટે ઓછામાં ઓછા ૯૦ કલાક અને પદવિકા (ડિપ્લોમા) અભ્યાસક્રમ માટે ઓછામાં ઓછા ૧૬૦ કલાકનું અધ્યાપન કાર્ય કરાવવાનું રહેશે.

૧૫. પદવિકા અભ્યાસક્રમનો પ્રારંભ ઓગષ્ટ માસથી થશે જેની પરીક્ષા જુલાઈ મહિનામાં લેવાશે. જ્યારે પ્રમાણપત્રીય અભ્યાસક્રમની પરીક્ષાઓ છ માસ બાદ લેવામાં આવશે.

૧૬. પ્રમાણપત્રીય / પદવિકા (ડિપ્લોમા) અભ્યાસક્રમોમાં શાસ્ત્રી / સ્નાતક, આચાર્ય / અનુસ્નાતક વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવામાં આવશે. આ અભ્યાસક્રમનું આયોજન મહાવિદ્યાલયનાં શૈક્ષણિક સમય સિવાયના સમયમાં કરવાનું રહેશે. (મહાવિદ્યાલયને લાગું પડશે)

૧૭. ઉચ્ચશિક્ષણ ધરાવતા તેમજ ધોરણ–૧૨ પાસ કોઈપણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પદવિકા (ડિપ્લોમા) અભ્યાસક્રમમાં જોડાઈ શકશે. ધોરણ–૧૦ પાસ વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમની સાથે પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં પણ જોડાઈ શકશે.

૧૮. આ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કોઈ વય મર્યાદા રહેશે નહી.

૧૯. નોકરી / ધંધો કરતા ઉમેદવાર પણ આ અભ્યાસક્રમોમાં જોડાઈ શકે છે.

૨૦. કોઈ પણ વિદ્યાર્થી સ્નાતક/અનુસ્નાતક કરતા કરતા પદવિકા/પ્રમાણપત્રીય અભ્યાસક્રમ કરી શકશે. તેમજ એક સાથે બે પદવિકા/પ્રમાણપત્રીય અભ્યાસક્રમો એક વર્ષમાં કરી શકશે નહી.

૨૧. કોઈપણ પ્રકારની વિસંગતતા બાબતે યુનિવર્સિટીનો નિર્ણય આખરી અને બંધન કરતાં રહેશે.

(ડો. દશરથ જાદવ)
કુલસચિવ

Registrar
Shree somnath Sanskrit University
Veraval, Dist. Gir Somnath (Gujarat)